પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૩૩ | ૨૩ જુલાઈ, ૨૦૨૨, શનિવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

## કોલસો આયાત કરવા કેન્દ્રનો નિર્ણય

### ૭૬ મિલિયન ટન કોલસાની આયાતનો નિર્ણય : વીજળીના દરમાં ૫૦થી ૮૦ પૈસા પ્રતિ યુનિટનો ભાવવધારો થશે



નવી દિલ્હી, તા.૨૨

દેશમાં હવે એક પણ ચીજ ભાવવધારાથી બાકાત નથી રહી ત્યારે લોકોએ વધુ ભાવવધારો સહન કરવા માટે તૈયાર રહેવું પડશે. હાલમાં દેશમાં વીજળીની ડિમાન્ડને પહોંચી વળે તેટલો કોલસો ન હોવાના કારણે વિદેશથી મોટા પ્રમાણમાં કોલસાની આયાત કરવાનો નિર્ણય લેવાયો છે. આ કોલસો મોંઘો હોવાના કારણે વીજળીના દર પણ વધારવા પડશે. હાલમાં પાવર પ્લાન્ટમાં કોલસાની અછત હોવાના કારણે સરકારે ચાલુ વર્ષમાં ૭૬ મિલિયન ટન કોલસાની આયાત કરવાનો નિર્ણય લીધો છે. તેના કારણે વીજળીના દરમાં ૫૦થી ૮૦ પૈસા પ્રતિ યુનિટનો ભાવવધારો થવાની શક્યતા છે.

હાલમાં દેશમાં ચોમાસુ જામ્યું હોવાના કારણે કોલસાના ઉત્પાદનને અસર થઈ છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં પાવર પ્લાન્ટને કોલસાનો સપ્લાય અસરગ્રસ્ત રહેવાનો છે. તેથી કોલ ઈન્ડિયા લિમિટેડ ૧૫ મિલિયન ટન કોલસાની આયાત કરશે. આ ઉપરાંત દેશની સૌથી મોટી વીજ ઉત્પાદક કંપની એનટીપીસીતથા દામોદર વેલી કોર્પોરેશન (DMC) પણ ૨૩ મિલિયન ટન કોલસાની

● અનુસંધાન પાન-૭ પર

## શ્રીલંકાના નવા વડાપ્રધાન બનતા દિનેશ ગુણવર્ધને

### શ્રીલંકામાં ધીરેધીરે થાળે પડતી રાજકીય સ્થિતિ : ગુણવર્ધને છેલ્લી ગોટબાયા-મહિંદા સરકારમાં શિક્ષણ મંત્રી હતા, તેમના પરિવારનો ભારત સાથે ઊંડો સંબંધ છે

કોલંબો, તા.૨૨

શ્રીલંકામાં રાષ્ટ્રપતિ બાદ નવા વડાપ્રધાનના નામનુ એલાન પણ થઈ ચૂક્યુ છે. ૭૨ વર્ષીય દિનેશ ગુણવર્ધનેને નવા વડાપ્રધાન બનાવાયા છે. સંસદમાં સભાગૃહના નેતાએ શુક્રવારે પીએમ પદના શપથ લીધા.



ગુણવર્ધને છેલ્લી ગોટબાયા-મહિંદા સરકારમાં શિક્ષણ મંત્રી હતા. તેમના પરિવારનો ભારત સાથે ઊંડો સંબંધ રહ્યો છે. ગુણવર્ધનેના પિતા ફિલિપ ગુણવર્ધને ભારતની સ્વતંત્રતા માટે લડત લડી હતી.

સંયુક્ત રાજ્ય અમેરિકા અને નેધરલેન્ડમાં શિક્ષિત દિનેશ ગુણવર્ધને એક ટ્રેડ યુનિયન નેતા અને પોતાના પિતા ફિલિપ ગુણવર્ધનેની જેમ એક સેનાની રહી ચૂક્યા છે. ફિલિપ ગુણવર્ધનેને શ્રીલંકામાં સમાજવાદના જનક તરીકે ઓળખવામાં આવે છે. ફિલિપ ગુણવર્ધનેનો ભારત પ્રત્યેનો પ્રેમ અને સામ્રાજ્યવાદી કબ્જા વિરુદ્ધ સ્વતંત્રતાની દિશામાં પ્રયાસ ૧૯૨૦ના દાયકાની શરૂઆતમાં સંયુક્ત રાજ્ય અમેરિકાથી શરૂ થયો હતો. આ કાર્યમાં તેમની પત્નીએ ખૂબ સાથ નિભાવ્યો.

ફિલિપ ગુણવર્ધને વિસ્કૉન્સિન યુનિવર્સિટીમાં જયપ્રકાશ નારાયણ અને વીકે કૃષ્ણ મેનનના સહાધ્યાયી રહી ચૂક્યા હતા. તેમણે અમેરિકી રાજકીય વર્તુળોમાં સામ્રાજ્યવાદથી સ્વતંત્રતાની વકાલત કરી. બાદમાં લંડનમાં ભારતની સામ્રાજ્યવાદ વિરોધી લીગનુ નેતૃત્વ પણ કર્યુ. ઘણા ઓછા લોકો જાણે છે કે તેમના પરિવારનો ભારત સાથે ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે. સમગ્ર ગુણવર્ધને પરિવારનો ભારત સમર્થક ઝુકાવ છે.

દ્વિતીય વિશ્વ યુદ્ધ દરમિયાન શ્રીલંકાથી ભાગ્યા બાદ વડાપ્રધાનના પિતા ફિલિપ અને માતા કુસુમાએ ભારતમાં શરણ લીધુ હતુ. તેઓ તે ભૂમિગત કાર્યકર્તાઓમાં સામેલ થઈ ગયા હતા.

## પટનામાં ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બની અફવાથી દોડધામ

### પકડાયેલા ગુરપ્રીત નામના યુવકે પટણાથી દિલ્હીની ફ્લાઈટમાં ચઢતાની સાથે કહ્યું કે તેની બેગમાં બોમ્બ છે

પટણા, તા.૨૨

બિહારની રાજધાની પટણાથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ (ઈ૬ ૨૧૨૬)માં બોમ્બ હોવાની માહિતી મળતાં ખળભળાટ મચી ગયો હતો. આ પછી તરત જ વિમાનને ખાલી કરાવવામાં આવ્યું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ તત્કાળ એરપોર્ટ પર પહોંચી હતી. હાલ તપાસ ચાલી રહી છે. ઈન્ડિગોની દિલ્હી જતી ફ્લાઈટમાં ૧૩૪ મુસાફરો સવાર હતા. તે રાત્રે ૮.૨૦ કલાકે પટણાથી દિલ્હી માટે ઉડાન ભરવાનું હતું. પરંતુ અત્યારે પ્લેનની દરેક દિશામાં તપાસ કરવામાં આવી રહી છે.

સમગ્ર મામલામાં ગુરપ્રીત નામના યુવકે પટણાથી દિલ્હીની ફ્લાઈટમાં ચઢતાની સાથે જ કહ્યું કે તેની બેગમાં બોમ્બ છે. આ પછી ફ્લાઈટની અંદર અફરાતફરી મચી ગઈ હતી. બાદમાં જ્યારે તેની બેગની તલાશી લેવામાં આવી ત્યારે તેમાંથી બોમ્બ મળ્યો ન હતો. હાલ ગુરપ્રીતને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. તેની પૂછપરછ ચાલી રહી છે. સાવચેતીના પગલા તરીકે વિમાનમાંથી તમામ મુસાફરોને ઉતાર્યા બાદ તમામ મુસાફરોના સામાનની પણ તપાસ કરવામાં આવી હતી.

બોમ્બની જાણ થતાં એરપોર્ટ પર ખળભળાટ મચી ગયો હતો. જે બાદ સુરક્ષા માટે પટના એરપોર્ટ પર બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડને બોલાવવામાં આવી હતી અને સઘન તપાસ કરવામાં આવી હતી.




## નીરજ ચોપરાની ૮૮.૩૯ મીટર ભાલો ફેંકીને ફાઈનલમાં એન્ટ્રી

### ફરી એકવાર નીરજ ચોપરાની નજર ગોલ્ડ પર છે : નીરજે પહેલા જ એટેમ્પ્ટમાં ૮૮.૩૯ મીટર દૂર ભાલો ફેંકીને મેન્સ જેવલિન માટે શાનદાર ક્વાલિફાઈ કરી લીધું


નવી દિલ્હી,તા.૨૨


જાપાન ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતીને તરખાટ મચાવનારા ગોલ્ડન બોયથી જાણીતા ભારતીય એથલિટી નિરજ ચોપરા ફરી ગોલ્ડની રેસમાં આગળ છે. ભારતના સ્ટાર એથલિટ નીરજ ચોપરાએ વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ પોતાનું ફોર્મ યથાવત રાખ્યું છે. નીરજે પહેલા જ એટેમ્પ્ટમાં ૮૮.૩૯ મીટર દૂર ભાલો ફેંકીને મેન્સ જેવલિન માટે શાનદાર ક્વાલિફાઈ કરી લીધું છે. ટોકિયો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીતનારા નીર ચોપરા વર્લ્ડ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ સફળતાની નજીક પહોંચી ગયો છે. અમેરિકાના ઓરેગોનમાં આયોજિત આ સ્પર્ધમાં નીરજ ચોપરાની ઈવેન્ટમાં ૩૪ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. સ્પર્ધકોને બે ક્વોલિફાઈંગ ગ્રુપમાં વહેંચવામાં આવ્યા છે. આ બન્ને ગ્રુપના ૧૨ બેસ્ટ ખેલાડીઓ વચ્ચે શનિવારે થનારી ફાઈનલ ઈવેન્ટમાં ભાલો ફેંકવાની તક મળશે. ૨૪ વર્ષના નીરજ ચોપરાએ ગ્રુપ છના ક્વાલોફિકેશન રાઉન્ડમાં પોતાના કરિયરનો ત્રીજો સૌથી શાનદાર થ્રો કરીને ક્વોલિફાય કરી લીધું છે.




## ચીનની બેંકોનો લોકોને પૈસા આપવા ઈનકાર

### ચીનમાં પોલીસ-લોકો વચ્ચે અથડામણ ચાલી રહી છે : ટેન્કો ખડકાઈ : કોઈ પણ સમયે ચીનનું અર્થતંત્ર ધ્વસ્થ થઈ શકે છે





નવી દિલ્હી, તા.૨૨

ચીનનું અર્થતંત્ર એ સ્થિતિએ પહોંચ્યું છે કે, તે કોઈ પણ સમયે ધ્વસ્ત થઈ શકે છે. ચીનની બેંકિંગ સિસ્ટમની સ્થિતિ એ હદે દયનીય છે કે, હેનાન પ્રાંતમાં બેંક ઓફ ચાઈનાની શાખાની સુરક્ષા માટે સરકારે રસ્તાઓ પર ટેંક મુકવી પડી છે. બેંક દ્વારા લોકોના પૈસા પરત કરવાનો ઈનકાર કરી દેવામાં આવ્યો છે. આ કારણે છેલ્લા અનેક સપ્તાહથી પોલીસ અને લોકો વચ્ચે અથડામણ ચાલી રહી છે.

ચીનના હેનાન પ્રાંતમાં આવેલી અનેક નાની બેંક જેમની સંયુક્ત સંપત્તિ ૬ અબજ ડોલર (૪૦ અબજ યુઆન) તથા આશરે ૪ લાખ ગ્રાહકો હતા તે બેંકોએ એપ્રિલ મહિનામાં દેવાળુ ફુંક્યુ છે. તેનું મુખ્ય કારણ કુવ્યવસ્થા, ભ્રષ્ટાચાર, કમજોર નિયમન તથા ખરાબ રિસ્ક મેનેજમેન્ટ છે. ચીનમાં આશરે ૪,૦૦૦ લઘુ અને મધ્યમ બેંકો આવેલી છે અને તેમની સ્થિતિ પણ હેનાન પ્રાંતની બેંકો જેવી થવાની શક્યતા છે.

ચીનમાં ૨૦૦૯ બાદ લોનના આધાર પર ગ્રોથની રણનીતિનો અમલ થઈ રહ્યો છે. આ કારણે આજે ચીનનું બેંકિંગ સેક્ટર ૨૬૪%ના દેવા-જીડીપીના રેશિયો પર આવી ગયું છે. છેલ્લા ૨ વર્ષોમાં કોવિડના કારણે ચીનના વિકાસનું પૈડું ખૂબ જ મંદ પડી ગયું છે.

## રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સિંહા ત્રીજા સૌથી વધારે મત મેળવનારા વિપક્ષના ઉમેદવાર

નવી દિલ્હી, તા.૨૨

રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂએ વિજય હાંસલ કર્યો છે અને વિપક્ષના ઉમેદવાર યશવંત સિંહાને પરાજિત કર્યા છે. જોકે તેમ છતાં પણ ૩૬ ટકા મત મેળવનારા યશવંત સિંહાએ રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના ઈતિહાસમાં એક રેકોર્ડ સર્જી દીધો છે. યશવંત સિંહા રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ત્રીજા સૌથી વધારે મત મેળવનારા વિપક્ષના ઉમેદવાર બન્યા છે. તૃણમૂલ કોંગ્રેસના નેતા ડેરેક ઓ બ્રાયને ટ્વિટમાં આ અંગેનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે જ તેમણે દ્રૌપદી મુર્મૂને શુભેચ્છા પણ પાઠવી હતી. તેમણે લખ્યું હતું કે, ઉર્જા, દૃઢ વિશ્વાસ તથા અનુગ્રહ સાથે લડવામાં આવેલી લડાઈ માટે યશવંત સિંહાને પ્રણામ. ૩૬ ટકા મત સાથે સિંહાજી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીના ઈતિહાસમાં ત્રીજા સૌથી વધુ મત પ્રાપ્ત કરનારા વિપક્ષના ઉમેદવાર બની ગયા છે.

૧૯૫૨થી અત્યાર સુધી યોજાયેલી રાષ્ટ્રપતિ પદની ૧૫ ચૂંટણીઓમાં વિપક્ષના ઉમેદવારોને સરેરાશ ૨૨.૧૮ મત મળ્યા છે.

## સીબીએસઈ ધોરણ-૧૦નું ૯૪.૪૦ ટકા પરિણામ

### સીબીએસઈ ધો-૧૦-૧૨નું રિઝલ્ટ સાથે જાહેર કરાયું : ૨૦૨૨-૨૩ એકેડેમિક સેશન માટે સીબીએસઈ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૩થી શરૂ થશે



નવી દિલ્હી, તા.૨૨

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા ધોરણ-૧૦નું રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું છે. બોર્ડે ૨૨ જુલાઈ શુક્રવારે બપોરે ૨ વાગ્યે ૧૦માંનું રિઝલ્ટ જાહેર કર્યું હતું.

સીબીએસઈ એ પોતાની વેબસાઈટ પર રિઝલ્ટ જાહેર કર્યા છે. આ ઉપરાંત ધોરણ-૧૨નું પણ રિઝલ્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ પ્રથમ વખત છે જ્યારે સીબીએસઈ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નું રિઝલ્ટ એક સાથે જ જાહેર કરવામાં આવ્યું છે. આ રિઝલ્ટ પ્રમાણે ધો-૧૦માં ૯૪.૪૦ વિદ્યાર્થીઓ પાસ થયા છે જેમાં છોકરીઓએ બાજી મારી છે. છોકરીઓ છોકરાઓ કરતા ૧.૪૧ ટકાના માર્જિન સાથે આગળ છે. ૨.૩૪ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધારે ટકા મેળવ્યા છે. સીબીએસઈ ધો-૧૦માં ૯૫.૨૧ ટકા છોકરીઓ પાસ થઈ છે જ્યારે છોકરાઓની પાસ થવાની ટકાવારી ૯૩.૮૦ ટકા છે.

## પંજાબમાં ઘરની છત તૂટતાં ૪નાં મોત

પટિયાલા, તા.૨૨

પંજાબના પટિયાલા જિલ્લાના પાતડાં ખાતે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જ્યાં ભારે વરસાદને કારણે એક ઘરની છત તૂટી પડી હતી. આ અકસ્માતમાં એક જ પરિવારના ૪ લોકોના મોત થયા છે. જ્યારે ૧૫ વર્ષનો એક કિશોર ઘાયલ થયો છે અને તેને સારવાર અર્થ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, મૃતકોની ઓળખ ૪૨ વર્ષીય રાજુ, ૩૬ વર્ષીય સુનીતા, ૧૮ વર્ષીય અમન અને ૧૧ વર્ષની દિકરી ઉષા તરીકે થઈ છે. ઈજાગ્રસ્ત બાળકની ઓળખ ૧૫ વર્ષીય વિકાસ તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું છે કે, આ ઘટના પાતડાંના જાખલ રોડ સ્થિત ધાનક બસ્તીમાં બની હતી.







